|| સનાતન પરમો ધર્મ ||

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

● સં -૨૦૭૮ ● પોષ સુદ-૧૧ ●તા : ૧૩-૦૧-૨૨ ● ગુરુવાર SDP NO:632 MOB.:+91 7801877774,+91 7718977774 ankasantandharmpatrika@gmail.com

શ્રી હૈદરાબાદ કચ્છ કડવા પાટીદાર સમાજ, સામાન્ય સભા અહેવાલ

સમાજ ના મોભીઓ દ્વારા કરશન દિવાણીનું સ્વાગત અને સન્માન કરવામાં આવેલ..

શ્રી હૈદરાબાદ કચ્છ કડવા પાટીદાર સમાજની સામાન્ય સભા યોજાઇ ગયેલ તેનો અહેવાલ આપતાં પહેલાં આગામી તા.૧૪-૦૧-૨૦૨૨ ના મકરસક્રાંતિ પર્વની આપ સૌને શુભેચ્છાઓ. આ પર્વ નિમિત્તે પતંગો ચગાવવાનો મોટો મહિમા માણીએ છીએ અને ઉજવીએ છીએ પરંતુ અત્યારના ઓમિક્રોન, કોરોના મહામારીનો પ્રકોપ વધવા લાગ્યો છે તેને ધ્યાનમાં રાખીને મકરસક્રાંતી મહોત્સવમાં સમય વર્તયે સાવધાન રહી કાર્યક્રમ માણસો

શ્રી સમાજની સામાન્ય સભા તા૦૯,૦૧,૨૦૨૨ ના પાટીદાર ભવન કોતાપેટ, મધ્યે સમાજના પ્રમુખશ્રી જીવરાજભાઈ મનજી જબુવાણી ના અધ્યક્ષ સ્થાને મળેલ . સભા માં શ્રી સમાજ , યુવક મંડળ, મહિલા મંડળના સભ્યો હાજર રહેલ. મહામંત્રીશ્રી શંકરલાલ સામજી રામાણી એ આવેલ સભ્યોનુ સ્વાગત કરેલ .

સમાજના હોદ્દેદારોએ દીપ પ્રાગટ્ય કરી પ્રભુ પ્રાર્થના સાથે સભાની શુરૂઆત કરેલ. સમાજના દિવંગત થયેલ સભ્યોને બે મિનિટ નુ મૌન પાળી ને શ્રદ્ધાંજલી આપવામાં આવેલ.

ગત મીટીગની મિનિટ બૂકનુ વાંચન સહમંત્રી ખુશાલ ગોવિંદ ચૌધરી એ કરેલ. સભાસદ્દોના અનુમોદન બાદ પત્રનું વાંચન કરવામાં આવેલ.

જેમાં ટ્રસ્ટી ચેરમેનશ્રી કરશનભાઇ લધા દિવાણીએ ઉમરના કારણે હોદાથી પદમુક્ત કરવા સામેથી સમાજને પત્ર દ્વારા પોતાના અંતકરણથી રજુઆત કરેલ જેની સભાસદોએ નમ આંખોએ ટ્રસ્ટી ચેરમેનશ્રીનું ચેરમેન પદે થી રાજીનામું સ્વીકાર કરેલ .

હૈદરાબાદ સમાજની રચના થઈ છે ત્યારથી અત્યાર સુધી, તન મન અને ધન થી વડિલશ્રી કરશનભાઇ લધા દિવાણીએ સમાજને સેવા આપેલ તે બદલ સમાજે આભાર વ્યક્ત કરેલ . સમાજ ના કારોબારી સભ્યો , સમાજના વડીલો તથા સભ્યો એ વડિલશ્રી ના ઘરે જઇને તેમનું બહુમાન કરવામાં આવેલ .

હૈદરાબાદની સામાન્ય સભામાં ઉપસ્થિત સામાજિક અગ્રણીઓ...

સમાજના પ્રમુખશ્રી જીવરાજભાઇ મનજી જબવાણીએ વડિલશ્રી ને તિલક કરી ગુલદસ્તો આપેલ. ટ્રસ્ટીશ્રી રામજીભાઈ રામાણી દ્વારા સાલ દ્વારા સન્માન કરવામાં આવેલ.

પ્રમુખશ્રી જીવરાજભાઇ જબવાણી , ઉપપ્રમુખશ્રી શંકરભાઇ ચૌધરી, દેવશીભાઇ પોકાર, ઓડિટરશ્રી માવજીભાઈ પુંજા ભાવાણી અને મહામંત્રીશ્રી શંકરલાલ રામાણી દ્વારા મોમેન્ટો અને બહુમાન પત્ર આપીને સન્માન કરવામાં આવેલ.

ત્યારબાદ સમાજના ખજાનચી પુરુષોત્તમ મનજીભાઈ ભાવાણી દ્વારા સમાજનો આવક જાવક તેમજ બંને ભવનો ના રીનોવેશન ખર્ચનો અહેવાલ આપેલ .

તેને સામાન્ય સભા એ સહમતિ થી પાસ કરેલ. યુવક મંડળના નવા વરાયેલા પ્રમુખ ગોવિંદ કરમસી સાંખલા અને મહામંત્રી પંકજ દિનેશ પોકારનું સભાસદો દ્વારા અભિવાદન કરવામાં આવેલ . ત્યારબાદ યુવક મંડળનો અહેવાલ મંડળના મહામંત્રી પંકજ દિનેશ પોકારે આપેલ . અહેવાલ આપતા જણાવેલ કે ૧૮ વર્ષ સુધીના બાળકો માટે રસીકરણ ના થતા અને કોરોના ગાઇડ લાઇન ના હિસાબે રમત - ગમત તથા બીજા કોઈપણ કાર્યક્રમો થઇ શક્યા નથી . સમાજના નિર્દેશન પ્રમાણે રસીકરણ થયા પછી કાર્યક્રમ યોજશું .

ત્યારબાદ મહિલા મંડળ નો અહેવાલ પ્રમુખ શ્રીમતી રાધાબેન દિવાણીએ આપેલ તેમજ તેલંગાના આંધ્રપ્રદેશ સમાજ્છ નો અહેવાલ કરસનભાઈ સેંઘાણી એ આપેલ.

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ નો અહેવાલ મહામંત્રી એ આપેલ જેમાં કેન્દ્રીય સમાજની નવી વરાયેલ કારોબારી સમિતિની જાણકારી આપેલ અને સમાજશ્રી એ જમીન ખરીદી કરી છે તેમાં ભૂમિદાન કરવાનો આગ્રહ કરેલ . અન્ય પ્રશ્નો માં સમાજના પ્રમુખશ્રી એ જણાવેલ કે કોરોનાના હિસાબે સમાજ ભવન બુકિંગ ઓછી આવે છે , આપણી સમાજના સભ્યો ને જણાવેલ કે banquet હૉલ તેમજ હોટેલ , કોઈ પણ નાના - મોટા પ્રસંગોમાં બુકિંગ ના કરતા , આપણા સમાજના ભવન બુકિંગ કરવા જોઈએ , જેમાં સમાજની આવક ઊભી થાય તથા નાના મોટા પ્રસંગો તેમજ લગ્ન પ્રસંગોમાં દેખાદેખી , ખોટા ખર્ચ ઓછા કરવા જોઈએ . કોરોના ના લીધે સમાજના વડીલો તેમજ યુવાન સભ્યો દેવલોક પામ્યા તે માટે ખેદ વ્યક્ત કરેલ. .

તેમજ વડીલશ્રી કરશનભાઇ લધા દિવાણી ના આશીર્વાદ ને યાદ કરતા કહેલ કે સમાજ ને એક જૂટ્ટ રાખજો અને સંગઠન મજબૂત કરજો અને સમાજમાં મતભેદ હોય પણ મનભેદ ના હોવા જોઈએ , કોઈ પણ ભૂલ થાય તો સુધારી લેવી જોઈએ તોજ સમાજ પ્રગતિ ના પંથે જાય ,

માર્ચ ૨૦૨૨ નું હિસાબી વર્ષ પુરૂ થતાં એપ્રિલ મહિનામાં સમાજની દ્વિવાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવશે અને તેમાં નવી કારોબારનું ગઠન કરવું એવું પ્રમુખશ્રી એ જણાવ્યું તેને સર્વે સભાસદોએ મંજૂર કરેલ . અન્ય પ્રશ્નો , ના હોતા પ્રમુખશ્રી ની અનુમતિ થી સહમંત્રી શ્રી કરસનભાઈ સંઘાણીએ રાષ્ટ્રગીત સાથે સમાજની સભાને પૂર્ણ જાહેર કરેલ અને સમૂહભોજન લીધા બાદ છુટા પડેલ .

સંયોજક : દિનેશ ભાઈ હિરજી પોકાર , હૈદરાબાદ .

સુરત મહિલા મંડળ દ્વારા પુત્ર વધુઓનું સ્વાગત અને સન્માન

મહિલા મંડળ સુરતના પદાધિકારીઓ દ્વારા સુરતમાં આવનાર પુત્રવધુઓનું આહલાદક ભાવે આગમનને જનરલ સભામાં વધાવ્યું..
પરણિત થઈને સુરતમાં આવનાર દીકરીઓનું સ્વાગત સન્માન કરવાની અદભુત પરમ્પરા મહિલા મંડળ સુરત ઉત્તમ પ્રકારના મોટિવેશન દ્વારા સતત કરે છે.

તારીખ ૦૭-૦૧-૨૦૨૨ ના રોજ શ્રી કચ્છ કડવા પાટીદાર મહિલા મંડળની વાર્ષિક સામાન્ય સભા ઉમાભવન ભટાર સુરત ખાતે પ્રમુખ શ્રીમતી હંસાબેન પોકારના અધ્યક્ષસ્થાને યોજાઈ...

સૌપ્રથમ હોદેદારો અને કમિટીમેમ્બરોને સ્ટેજ પર સ્થાન ગ્રહણ કરાવવામાં આવ્યું. માઈક સંચાલન મહામંત્રી શ્રીમતી સંગીતાબેન પારસીયાએ સંભાળ્યું. હોદેદારોના હસ્તે દિપ પ્રાગટય કરાવવા મા આવ્યું. ત્યારબાદ પ્રાર્થના શ્રીમતી લીલાબેન લીબાણી અને દિવ્યાબેન લીબાણી દ્વારા રજૂ કરવામાં આવી.

સ્વાગત પ્રવચન પ્રમુખ શ્રીમતી હંસાબેન દ્વારા કરવામાં આવ્યું. ગત મિનટ્સ નું વાંચન મહામંત્રી શ્રીમતી સંગીતાબેન પારસીયા દ્વારા કરવામાં આવ્યું. વાર્ષિક આવક જાવકનો હિસાબ ખજાનચી શ્રીમતી જ્યોતિબેન દીવાણી દ્વારા રજૂ કરવામાં આવ્યો.

ત્યારબાદ સાસરે જનાર ૭૨ દીકરીઓના સન્માન દાતાશ્રી કસ્તુરબેન જયંતિલાલ પોકાર અને તેની પુત્રવધૂ અસ્મિતાબેન યતીન પોકારના હસ્તે અખંડ દીવા અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું. દીકરી અંકિતા માકાણી અને દીકરી જાગૃતિ કેશરાણી બાહેંધરી આપી કે અમે આ સમાજનું નામ ચોક્કસ રોશન કરીશું,

તમારી પાસેથી મળેલા સંસ્કારોને ક્યારેય નહી ભૂલીએ. ત્યારપછી પ્રમુખ શ્રીમતી હંસાબેન પોકાર દ્વારા દાતા શ્રીમતી કસ્તુરબેન જયંતિલાલ પોકાર અને અસ્મિતાબેન યતીન પોકારનું બુકે અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું. કોરોનાકાળમાં બે વર્ષ પછી દીકરીઓના સન્માન થયા અને નવી પરણીને આવનાર પુત્રવધુઓ ના પણ સન્માન કરવામાં આવ્યા.

પુત્રવધુઓએ પિયર નો અને સાસરા નો પરિચય આપ્યો અને સમાજના વિકાસમાં અમે પણ સહભાગી થશું એવી રજૂઆત કરી.ત્યારબાદ ઉમંગ અર્બન કો ઓ ક્રેડિટ સોસાયટી લિ. જે આ બેંક ઉધના સુરત ખાતે આવેલી છે, આમાં ડિરેક્ટર તરીકે આપણી બહેનો વનિતાબેન પટેલ, પ્રજ્ઞનાબેન પટેલ, ભારતીબેન પટેલ, રમીલાબેન પટેલ, ભૂમિકાબેન પટેલ, દિપાલીબેન છે. આ બહેનોએ આપણી મીટિંગ માં હાજરી આપી હતી.

દીપાલી બેન દ્વારા બેંકની સમગ્ર માહિતી આપવામાં આવી હતી. આ આપણી સમાજની બેંક છે, વડીલોના વિચારોથી એનું નિર્માણ થયું છે. આપણી બેંક આપણા આંગણે આવી છે તેનો લાભ અવશ્ય લેવો જોઈએ. - નયનાબેન સાંખલા બ્યુટિ પાર્લેર નું ટ્રેનિંગ સેન્ટર ચલાવે છે, ખુબ સારું કામ છે, તેમણે સમૂહ લગ્નમા જોડાતી દરેક દીકરીઓને હું ફ્રી માં તૈયાર કરી આપીશ એવી રજૂઆત કરી. નર્મદાબેન સેંગાણીએ દીકરી વિશે કહ્યું કે દીકરી એટલે મા ઉમિયા નો અવતાર. બાપ દીકરી માટે કેટલું કરે છે,

દીકરીના બધા જ અરમાન પૂરા કરે છે, પરંતુ જ્યારે દીકરી ઘર છોડી ભાગે છે ત્યારેએ બાપને કેટલું દુખ લાગતું હશે અને પુત્રવધુને સંબોધતા કહ્યું કે તમે સુરત સમાજના સન્માનિય પરિવારની પુત્રવધુ છો, તમે સમાજની રોનક છો, આપણી સમાજમાં જેટલા સગપણ થાય છે તેનાથી વધારે તૂટે છે ખરેખર ખૂબ જ દુખ થાય છે.

કાર્યક્રમનું સફળ સંચાલન મહામંત્રી સંગીતાબેન પારસીયા એ કર્યું હતું, અંત માં આભાર દર્શન સહમંત્રી મંજુલાબેન મૈયાત કર્યું હતું, ત્યાર બાદ અલ્પાહાર લઈ સૌ છૂટા પડ્યા હતા.

સંયોજકઃદમયંતી ભાવાણી, સુરત

યુવા સુરક્ષા કવચ યોજનાની સહયોગ રાશિ પરિવાર ના સભ્યોને ભારતભરમાં યુવાસંઘ દ્વારા અર્પણ કાર્યક્રમ

જે બનાવે YSK તેને પણ રક્ષણ આપે YSK..

દક્ષિણ કર્ણાટક રીજીયનમા આવતી બેંગ્લોર મધ્યે લાલબાગ સમાજમાં YSK ના સભ્ય એવા સ્વ.રમેશ માવજીભાઈ લિંબાણી કચ્છમાં રતડીયા ગામના તેમનું અવસાન થવાથી તેમના ધર્મપત્ની જયોતીબેન તથા પરિવાર ના સભ્યોની હાજરીમા યુવાસંઘ તરફથી દ્વિતીય ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

સ્વ. રમેશભાઈ લિંબાણી જેઓ ત્રણ ચાર વર્ષ પહેલાં રૂજીદ્ધ ના કર્ણાટક રીજીયન કન્વીનર રહી ચૂક્યા હતા. અને તેમનાં બે વર્ષ ના સમયમાં લગભગ છસ્સો ઉપર YSK સભ્યો બનાવ્યા હતા. આના માટે એમને ખુબજ મહેનત કરી હતી અને ઘણા સભ્યોના રૂપિયા ભરવાના પોતે ભરી નાખતાં પાછળ થી સભ્ય જ્યારે આપે ત્યારે લેતા. આ બાબતે ખરેખર બહુજ ઉત્સાહ હતો. લાલબાગ સમાજમાં લગભગ અઢીસો સભ્યો YSK થી શુરક્ષિત થયેલા છે. હજી પણ પ્રયત્નો ચાલુ છે. આ સહયોગ નીધી આપવા માટે સમાજના પ્રમુખ રતિલાલ ભાવાણી મહામંત્રી નારાયણભાઈ નાકરાણી તથા ઉપપ્રમુખ તથા સહમંત્રી તથા રીજીયન ચેરમેન રહી ચુકેલા રમેશભાઈ રવાણી તથા સમાજ ના યુવક મંડળ ના ઉપપ્રમુખ મહામંત્રી તથા અન્ય યુવાનો હાજર રહ્યા હતા. બેંગ્લોર ની આઠ સમાજોમા સહુથી વધારે YSK સભ્યો આ સમાજમાં છે.

સંયોજક, વસંતભાઈ ગોરાણી ઉડપી

YSK સહયોગ નિધિ અર્પણ

TAPYUVASANG
શ્રી હૈદરાબાદ કચ્છ કડવા પાટીદાર સમાજ, પટેલ યુવક મંડળ હૈદરાબાદ

સ્વ. મહેન્દ્ર ગંગદાસ પોકાર ના ધર્મપત્ની કમલાબેન ને ઘરે તારીખ-૧૨/૦૧/૨૦૨૨નાં શ્રી અખિલ ભારતીય કરછ કડવા પાટીદાર યુવાસંઘ વતી યુવા સુરક્ષા કવચ (YSK) સહયોગનિધિનો બીજો ચેક રૂા.૩,૦૦,૦૦૦/- નો તેમને અર્પણ કરવા માં આવેલ...

આ પ્રસંગે હાજર રહેલ સભ્યો :
પરિવાર નાં સભ્યો
TAP રિજીયન, હૈદરાબાદ સમાજ અને પટેલ યુવક મંડળ હૈદરાબાદ નાં કર્ણધારો
ગોવિંદ કરમશી સાંખલ(પ્રમુખ પટેલ યુવક મંડળ હૈદરાબાદ)
કિશોર કરસન સેંઘાણી (ઉપ પ્રમુખ પટેલ યુવક મંડળ હૈદરાબાદ) (TAP Divisional chairman)
પંકજ દિનેશ પોકાર (મહામંત્રી પટેલ યુવક મંડળ હૈદરાબાદ)
ભરત હરિલાલ ચૌધરી (TAP YSK Joint Convenor)

YSK સહયોગનિધી ચેક અર્પણ !

ઉતર ભારત યુવાસંઘ. રિજીયન.

દિવંગત થયેલ **"સ્વ.વાલજી ભાઈ દેવશી માકાણી"** (દિલ્હી) ના પરિવારજનો ને આજ તા. ૧૨-૦૧-૨૦૨૨ ના રોજ ઉતર ભારત રીઝિયન યુવા સંઘ વતીપ યુવા સુરક્ષા કવચ - YSK સહયોગનિધિ રૂ. ૩,૦૦,૦૦૦/- નો બીજો ચેક આપવામાં આવેલ.

આ પ્રસંગે હાજર રહેલ સભ્યો :
પરિવારના સભ્યો.
આશિષ ભાઈ વાલજી માંકાણી
નવીન ભાઈ દેવશી માકાણી

હોદેદારો!

જગદીશ ભાઈ કરશન ચોહાણ મંત્રી શ્રી ક. ક. પાટિદાર સમાજ. દિલ્હી.

ઉત્તમ ભાઈ પ્રેમજી લીબાણી કારોબારી સભ્ય શ્રી ક. ક. પાટિદાર સમાજ, દિલ્હી

કિશોર ભાઈ ગંગારામ સાંખલા. પ્રમુખ પટેલ તરૂણ મિત્ર મંડળ, દિલ્હી.

વિજય ભાઈ જેઠા છાભૈયા - PRO Team *UBR

ખોમ્ભડી યુવા મંડળની યુવા ટીમની વરણી



શ્રી અખિલ ભારતીય ખોંભડી પાટીદાર સનાતન યુવક મંડળ

આજ રોજ તા.૧૦/૦૧/૨૦૨૨ના રોજ પુના મુકામે મહારાષ્ટ્ર ઝોનની જનરલ મિટીંગ મળેલ હતી. જૂની કારોબારીની ટર્મ પૂર્ણ થતા આગામી ટર્મ માટે નવનિયુકત ટીમની વરણી શ્રી સમાજ ના વડીલો તથા કારોબારી સભ્યો તેમજ સેન્ટ્રલ યુવક મંડળના IPP, તથા મહામંત્રી તથા યુવક ભાઈઓની હાજરીમાં કરવામાં આવી હતી.

મહારાષ્ટ્ર ઝોન પ્રમુખશ્રી - મહેશ લાલજીભાઈ વાગડીયા - કોલ્હાપુર,
મહામંત્રીશ્રી - ભુપેન્દ્ર પુરુષોત્તમભાઈ દિવાણી- ગોવા
પ્રભારીશ્રી - હિતેશ ગોવિંદભાઈ પજવણી - નાસિક
પ્રભારીશ્રી - સુરેશ સોમજીભાઈ ચૌહાણ - અકલુજ
ઉપરોક્ત નવનિયુકત ટીમને ખૂબ ખૂબ અભિનંદન

૮૮ મી વખત પ્લેટનેટ દાતા બન્યા

૮૮ મી વખત કોઈના જીવનમાં ઉમ્મીદ અને તરોતાજા માટે પ્લેટનેટ દાતા બન્યા

આપણા MMR રીજીયન મરાઠવાડા વિભાગના હેલ્થ એન્ડ ડિઝાસ્ટર થીમ કન્વીનર.
"શ્રી હિતેષભાઈ કેસવલાલ ગોગારી" (ઔરંગાબાદ).

તેઓએ તેમના જીવનમાં તા. ૧૦/૦૧/૨૦૨૨ ના દિવસે SDP પ્લેટલેટ એટલેકે સિંગલ ડોનર પ્લેટલેટ '૮૮' મી વખત ડોનેટ કરી ગોગારી પરિવાર, ઔરંગાબાદ સમાજ તેમજ MMR રીજીયનનું ગૌરવ વધારેલ છે.

હિતેષભાઈ આપ આપણા આવા નેક કાર્ય થકી MMR રીજીયન તેમજ આગવી યુવા પેઢીને હંમેશા પ્રોત્સાહન આપતા રહેશો એવી અપેક્ષા સાથે આપણે ખુબ ખુબ અભિનંદન સાથે ઢેર સારી શુભેચ્છાઓ.

સાગરભાઈ ભાવાણી. PRO.

આજરોજ કોરોના વેકસીન બુસ્ટર ડોઝ મેં લઈ લીધો છે... આપ સૌ પણ તે લઈને સુરક્ષિત બનશો તેવી અપીલ છે...

ડો.વસંત ધોળું. VUF યુવા સંઘઠન.

भीख में CASH देना बंद अभियान

– भिखारी को भोजन + पानी दें। लेकिन नकद में देने के लिए एक भी रुपया नहीं।
– मुंबई–पुणे और पूरे महाराष्ट्र में एक अलग आंदोजन शुरु हो गया है, चाहे वह किसी भी तरह का भिखारी हो।
– यदि किसी भी प्रकार का व्यक्ति (महिला/पुरुष/वृद्ध/विकलांग/बच्चे) भीख मांग रहा है, तो हम पैसे के बदले (भोजन व पानी) देंगे, लेकिन आज से उन्हें हम पैसे की भीख नहीं देंगे।
– परिणामस्वरुप, अंतर्राष्ट्रीय/राष्ट्रीय/राज्य स्तर पर, 'भिखारियों' के गिरोह टूट जाएंगे और फिर बच्चों का अपहरण अपने आप बंद हो जाएगा। इस तरह के गिरोह आपराधिक दुनिया में खत्म हो जाएंगे।
– आरंभ करें पोस्ट साझा करें....
– हम एक भी भिखारी को रुपया नहीं देंगे।
– कार में 2 बिस्किट के पैकेट रखें लेकिन रुपए पैसे भुगतान न करें।
– यदि आप इस अभियान से सहमत हैं, तो इस विचार को अगले तीन समूहों में अग्रेषित करें।
क्योंकि किसी माँ बाप के कलेजे के टुकड़े किडनैप होने और फिर उनकी दुर्गति होने से बचाने में आपकी पोस्ट फारवर्ड बहुत बड़ा योगदान कर सकती है।

ભાવભીની શ્રદ્ધાંજલી-સનાતન ધર્મ પત્રિકા

તારીખ : ૧૧/૦૧/૨૦૨૨ મંગળવાર
સ્વ. વેલબાઈ કાનજીભાઈ છાભૈયા ઉમર : ૮૪ વર્ષ
કચ્છ માં ગામ : દેવીસર હાલે : શ્રીરામપુર (મહારાષ્ટ્ર)
વૃધ્ધાવસ્થાને લઈ ને અવસાન

તારીખ : ૧૨/૦૧/૨૦૨૨ બુધવાર
સ્વ. ભરતભાઈ નારણભાઈ સાખંલા ઉમર : ૪૬ વર્ષ
કચ્છ માં ગામ : વાલકા હાલે : નડિયાદ
અવસાન કારણ :અત્યંત દુઃખદ અવસાન

સ્વ. રામજીભાઈ હરજીભાઈ સાખંલા ઉમર : ૮૨ વર્ષ
કચ્છ માં ગામ : રસલીયા હાલે : બીલીમોરા
અવસાન કારણ : ઉમર

પરમકૃપાળુ પરમાત્મા સદગતના દિવ્ય આત્મા ને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના, શ્રી સમાજ સનાતન ધર્મ પત્રિકાની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા ભાવ પૂર્ણ શ્રદ્ધાંજલિ ૐ શાંતિ શાંતિ શાંતિ ....